**કલમ(૪)(૧)(બી)(૧૭) : ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :–**

**અરજી**

(૧) એપ્રિલ થી જુન –૨૦૨૩ રજીસ્ટર નમૂનો–૧
(૨) જુલાઈ થી સપ્ટેમ્બર–૨૦૨૩ રજીસ્ટર નમૂનો–૧
(૩) ઓકટોબર થી ડીસેમ્બર –૨૦૨૩ રજીસ્ટર નમૂનો–૧
(૪) જાન્યુઆરી થી માર્ચ –૨૦૨૪ રજીસ્ટર નમૂનો–૧

કોમ્પ્યુટર નંબર
2023600002 7

# સુરત મહાનગરપાલિકા

RIGHT TO INFORMATION

Surat SMART CITY

મોકલનાર : અપીલ અધિકારી અને
સીની.સ્થા.વૈ.અમલદાર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ,
ટાવર રોડ, સુરત.
ટેલી.નં.૦૨૬૧–૨૪૨૦૪૧૨

અપીલ અરજી નં. ૧ તા. ૦૧/૦૮/૨૦૨૨
MCH/IN/03/8/2022

**અરજદાર :–** શ્રી દિપકભાઈ પટેલ
**સામાવાળા:–** જાહેર માહીતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી ,મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ
**ફરીયાદ ની હકીકતઃ–** આર.ટી.આઈ. એકટ હેઠળ RCPS એકટ ૨૦૧૩ સંબધે મુદા નં.૧થી ૧૧ ની માહિતી પુરી પાડવા બાબત.

૧. ધ ગુજરાત રાઈટ ઓફ સીટીઝન્સ ટુ પબ્લિક સર્વિસ એકટ–૨૦૧૩ સંબંધી તા.૧૫/૦૪/૨૦૧૩ થી ગુજરાત સરકારશ્રીએ જાહેર કરેલ અધિનિયમ મુજબ અમોને આપશ્રીના સતામંડળના ફરિયાદ નિવારણ અધિકારીશ્રીનું નામ, સરનામું, ટેલીફોન નંબર, ઈ–મેઈલ એડ્રેસ, ફેસીમાઈલ નંબરની માહિતી તથા આ માહિતી જાહેર–પ્રદર્શિત કર્યાની તારીખની માહિતી.

૨. ફરીયાદ સ્વીકાર્યા બદલ આપના સતામંડળ દ્વારા ફરીયાદીને જે પહોંચથી પહોંચમાં તારીખ, સમય, સ્થળ, ફરીયાદ નંબર, ફરીયાદ સ્વીકારનાર વ્યકિતનું નામ અને ફરીયાદ નિવારણ કરવાની સમય મર્યાદા નિર્દિષ્ટ કરી દર્શાવેલ છે તે પહોંચના નમૂનાની પ્રમાણિત નકલની માહિતી.

૩. RCPS ACT -2013 ની કલમ ૨ ના ખંડ(૫) માં જગાધઈ કર્યા મુજબ આપશ્રીની કચેરીની ફરીયાદને લગતા ફરીયાદ નિવારણ અંગે જાહેર કરવામાં આવેલા મુકરર અધિકારીશ્રી ના નામ, હોદો, સરનામું, એમનો ઈ–મેલ એડ્રેસ, ફોન નંબરની માહિતી.

૪. તા.૧૫/૦૪/૨૦૧૩ બાદ RCPS ACT -2013 પેટાકલમ ૨૪ (૧) (૨) મુજબ આપશ્રીની કચેરીમાં નોંધવામાં આવેલ તમામ ફરીયાદોની વર્ષવારની સંખ્યા આંકડાકીય માહિતી.

૫. એકટના પ્રકરણ ૪ પેટાખંડ ૯() મુજબ આજદીન સુધી મુકરર સતાધિકારીશ્રીને મોકલેલ તમામ રીપોર્ટની પ્રમાણીત પત્રોથી માહિતી.

૬. આપશ્રીની કચેરીના ફરીયાદ નિવારણ અધિકારીના નિર્ણયથી નારાજ થઈ મુકરર સતાધિકારીશ્રીને કરવામાં આવેલી અપીલોની સંખ્યા આંકડાકી માહિતી.

૭. રાજય અપીલ સતામંડળ અને રાજય અપીલ સતા ધિકારીશ્રીના નામ, સરનામા, ઈ–મેલ, ફોન નંબરની માહિતી.

૮. RCPS ACT -2013 ગુજરાત સરકારશ્રીના તા.૧૫/૦૪/૨૦૧૩ ની સુચનાનું નોટીફીકેશન પાલન કરવા કરાવવાની જવાબદારી ફરજ સંભાળતા આપના સેવા સતામંડળના જાહેર સેવકોના નામ, હોદા, સરનામાની માહિતી.

૯. આપશ્રીની કચેરીમાં RCPS ACT -2013 નો અમલના કર્યા–કરાવ્યાના કેસમાં ઉપરી કચેરીમાં ફરીયાદ કરવા બાબતે જે અધિકારી, ઉચ્ચ સેવા સતામંડળ અદાલતમાં અરજદાર–ફરીયાદી દાવા પ્રતિદાવા દાખલ કરી શકે એ સુનિશ્ચિતથયેલ હોય તે અધિકારી, ઉચ્ચ સેવામંડળ, અદાલતના નામ, સરનામાંની માહિતી.

૧૦. આપશ્રીની કચેરીના માહિતી અધિકારીશ્રી પ્રથમ અપીલ અધિકારીશ્રીના નામ–હોદા સરનામા, ફોન નંબર, ઈ–મેઈલ નંબરની માહિતી આર.ટી.આઈ. સેલ એકાઉન્ટ નામ, એકાઉન્ટ નંબરની માહિતી આપશો.

૧૧. મુદા નં.૧થી ૧૦ માં દર્શાવેલ માહિતી સાચવવાની, નિભાવવાની વખતોવખત અપડેટ કરવાની જવાબદારી સંભાળતા અધિકારીનો નામ, હોદો અને સરનામાની માહિતી. તમામ મુદા સંબંધી જવાબદાર અધિકારીના નામ, હોદાની માહિતી વર્ષવાર આપવી.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી અરજદારશ્રીએ સમય અવધિમાં પત્ર ક્રમાંક આઉટવર્ડ નં.એમ.સી.એચ/આઉટ/૫૪૩,તા.૨૦/૦૭/૨૦૨૨થી લાગત મુદા નં.૧૦ અંગે "જાહેર માહિતીઅધિકારીશ્રી આર.આર.પટેલ(II-કલાર્ક) ટેલી.નં.(૦૨૬૧)૨૪૨૦૪૧૨,ઈ–મેલ :maskatihospital123@gmail.com તથા પ્રથમ અપીલ અધિકારીશ્રી ડો.એચ.કે.સોંધરવા સીની.સ્થાનિક વૈ.અમલદારશ્રી, મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ટેલી. નં.(૦૨૬૧)૨૪૨૦૪૧૨, ઈ–મેલ : maskatihospital123@gmail.com" એ મુજબનો પ્રત્યુતર પાઠવવામાં આવેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી મળેલ પ્રત્યુતર થી નારાજ થઈ તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ અપીલ અધિકારીશ્રી ને ઉદ્દેશીને સેન્ટ્રલ ઝોન માં અપીલ કરેલ જે અત્રેની કચેરીએ તા. ૦૩/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે.

ઉપરોકત બાબતે તા.૧૭/૦૮/૨૦૨૨ ના રોજ રાખેલ સુનાવણીમાં અરજદારે તેઓની લેખિતમાં રજુઆત કરેલ છે.જયારે જાહેર માહિતી અધિકારીએ લાગુ પડતા મુદ્દાઓનો જવાબ આપેલ છે જે, યોગ્ય હોવાનું જણાવેલ છે. આમ , અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજીમાં લેખિત રજુઆત તથા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ તરફથી ઉકત વિગતે કરેલ લેખિત પૂર્તતા રીપોર્ટ વિગેરે બાબતો ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**-:હુકમ:-**

અરજદારશ્રી તા.૨૪/૦૬/૨૦૨૨(આઈ.ડી.નં. ૪૩૪) ની આર.ટી.આઈ ની અરજી થી માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ દ્વારા મુદ્દા નં ૧૦ પરત્વે પુરી પાડવામાં આવેલ લાગત માહિતી અવલોકનમાં લેતા તે ઉચિત હોવાનું જણાય છે. વધુમાં આપશ્રીની લેખિત રજુઆત નાં મુદ્દા નં.૭ મુજબ સુનાવણી નાં રોજ કામની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે ધ્યાને લેતા અરજદારશ્રી ની પ્રથમ અપીલ અરજી પરત્વે વધુ કોઈ કાર્યવાહી કરવાનું જણાતું ન હોય, પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ , કર્મયોગી ભવન ,રાજયકક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.૧૦ એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.અરજદાર ઈચ્છે તો આયોગની વેબસાઈટ https://gic.gujarat.in/default.aspx ઉપર Online પણ કરી શકે છે.

નં.એમ.સી.એચ./આઉટ/ ૭૨૧
તા.૨૫/૦૮/૨૦૨૨

(signature) ૨૫/૦૮/૨૨

ડો.એચ.કે.સોંધરવા
અપીલ અધિકારી અને સીની.સ્થાનિક.વૈ.અમલદાર
મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ

(૧) જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસરશ્રી મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ પ્રતિ..... જાણ તથા અમલ સારૂ.